| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 24/04/2023 |
| PAGE : | 9 |


### સ્ટાર્ટઅપના ઉદય સાથે ભારતની ઇનોવેશન ઇકોસિસ્ટમ ઝડપથી વિકસિત બની

# ધ આર્ટ ઓફ ડિસ્ક્રપશન : કેવી રીતે નવીનતા ઔદ્યોગિક ક્ષેત્રમાં પરિવર્તન લાવી રહી છે

**ટેક્નોલોજી ટ્રેન્ડ**
**બૈશાલી મિત્રા**

સર્જનાત્મકતા અને નવીનતા દિવસની શરૂઆતમાં, જેનો ઉદ્દેશ વૈશ્વિક ધ્યેય તરીકે સર્જનાત્મક બહુવિધ વિચારસરણીને પોષવાનો અને પ્રોત્સાહિત કરવાનો છે, ડિસ્ક્રપશન ઈનોવેશન નામની બહુચર્ચિત પરિભાષા વિશે વાત કરવી ખોટું નહીં ગણાય. ડિસ્ક્રપશન ઈનોવેશનનો ખ્યાલ નવીનતા-સંચાલિત વૃદ્ધિ વિશે વિચારવાની અસરકારક પદ્ધતિ સાબિત થઈ છે. ડિસ્ક્રપશન ઈનોવેશન ઘણીવાર એવી પ્રોડક્ટ અથવા સર્વિસ ઓફર કરીને નવા બજારો બનાવે છે જે હાલમાં ઉપલબ્ધ છે તેના કરતાં નોંધપાત્ર રીતે સસ્તી, વધુ અનુકૂળ અથવા ઉપયોગમાં સરળ છે. આ નવા ગ્રાહકોને આકર્ષી શકે છે જેઓ અગાઉ કિંમત, જટિલતા અથવા અન્ય પરિબળોને કારણે હાલ અસ્તિત્વમાં હોય તેવી પ્રોડક્ટ્સ અથવા સર્વિસીઝનો ઉપયોગ કરવા માટે અસમર્થ અથવા અનિચ્છુક હતા.

એક સંશોધન મુજબ, ડિસ્ક્રપશન ઈનોવેશન એ એવી પ્રક્રિયા છે જેના દ્વારા નાની કંપની, સામાન્ય રીતે ઓછા સંસાધનો સાથે, આગળ વધે છે અને મોટા, વધુ સ્થાપિત કંપનીઓ સાથે સ્પર્ધા કરે છે. અન્ય પ્રકારની ડિસ્રપ્ટિવ ઈનોવેશન એ ન્યૂ-માર્કેટ ડિસ્ક્રપશન છે, જે ત્યારે થાય છે જ્યારે કોઈ કંપની સ્થાપિત બજારમાં કિફાયતી હોય એવી પ્રોડક્ટ રજૂ કરે છે.

ઈનોવેશન તરફ સરકારનો ભાર તથા સ્ટાર્ટઅપ કલ્ચરના ઉદય સાથે ભારતની ઈનોવેશન ઈકોસિસ્ટમ ઝડપથી વિકસી રહી છે. આના પરિણામે અનેક સફળ સ્ટાર્ટઅપ ઊભા થયા છે જેને તેમના ઈનોવેશન અને તેમના સંબંધિત ઉદ્યોગમાં ડિસ્ક્રપશન લાવવા માટે વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી છે.

(લેખક : ઈડીઆઈઆઈના ફેકલ્ટી છે)

## 2016માં સરકારની ડિમોનેટાઇઝેશન ડ્રાઇવ મજબૂત ઉદાહરણ



તાજેતરના વર્ષોમાં સૌથી નોંધપાત્ર ડિસ્ક્રપશનમાંની એક છે ભારતમાં ડિજિટલ પેમેન્ટનો વધારો. 2016માં સરકારની ડિમોનેટાઇઝેશન ડ્રાઈવ આ ડિસ્ક્રપશન માટે ઉત્પ્રેરક હતી, જેના કારણે ડિજિટલ વ્યવહારોમાં વધારો થયો હતો. Paytm અને PhonePe જેવી કંપનીઓએ આ ટ્રેન્ડનો લાભ લીધો છે, જે ડિજિટલ પેમેન્ટ સ્પેસમાં અગ્રણી કંપનીઓ બની છે. અન્ય સેક્ટર કે જેમાં નોંધપાત્ર ડિસ્ક્રપશન જોવા મળ્યું છે તે છે હેલ્થકેર. ટેલિમેડિસિન અને રિમોટ કન્સલ્ટેશન જેવી ઈનોવેશન્સે ભારતમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં હેલ્થકેર સુવિધાઓ પૂરી પાડવાની રીત બદલી નાખી છે. Practo અને Portea Medical જેવા સ્ટાર્ટઅપ્સ આ ક્ષેત્રે લીડર તરીકે ઉભરી આવ્યા છે, જે લાખો ભારતીયોને સસ્તા અને સુલભ હેલ્થકેર સોલ્યુશન્સ પ્રદાન કરે છે. શિક્ષણ ક્ષેત્ર એ બીજું એવું ક્ષેત્ર છે જ્યાં ઈનોવેશન નવી તકો ઊભી કરી રહ્યું છે. Byju's અને Vedantu જેવા ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મના ઉદય સાથે, વિદ્યાર્થીઓ હવે દેશમાં ગમે ત્યાંથી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે છે. આનાથી ન કેવળ શિક્ષણ સૌના માટે સુલભ થયું છે, પણ એડટેક સ્પેસમાં નવા વ્યવસાયની તકો પણ ઊભી થઈ છે. બીજું છે વ્હાઈટહેટ જુનિયર, બાળકો માટેનું ઓનલાઈન કોડિંગ પ્લેટફોર્મ કે જે નાની ઉંમરથી બાળકોને કોડિંગ અને કોમ્પ્યુટર સાયન્સ શીખવે છે.

### હવે પછીનો માર્ગ

ChatGpt 4 અને અન્ય એડવાન્સ્ડ AI મોડલ્સ પહેલેથી જ સતત આગળ વધી રહ્યા છે ત્યારે એ ઉલ્લેખ કરવો મહત્ત્વપૂર્ણ છે કે આ ડિજિટલ ડાર્વિનિઝમનો સમયગાળો છે, જેમાં એન્ટરપ્રાઈઝ ઓર્ગેનિકલી એડજસ્ટ કરે તેના કરતાં ટેક્નોલોજી અને સમાજ વધુ ઝડપથી વિકસિત થાય છે. આ લીડરશિપના નવા યુગ અને બિઝનેસ મોડલની નવી પેઢીની શરૂઆત કરે છે, જે 'અનુકૂલન સાધો અથવા નાશ પામો'ના પરિબળ દ્વારા સંચાલિત થાય છે.

ઘણી ડિસ્રપ્ટિવ ટેક્નોલોજીસ વ્યવસાયોને બદલી રહી છે અને લોકો એકબીજા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તે જોતાં વર્ષ 2023 એ ટેક્નોલોજીના ક્ષેત્રે ઐતિહાસિક ક્ષણ બનશે એવો અંદાજ છે. નવી ટેક્નોલોજીનો વિકાસ ભવિષ્યના વર્ષોને વ્યાખ્યાયિત કરશે, મેટા-વર્સ આધારિત વર્ચ્યુઅલ વર્કસ્પેસથી લઈને ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં પ્રગતિ સુધી અને ગ્રીન એનર્જી સ્રોતોથી રોબોટ્સ અને સેટેલાઈટ કનેક્શન્સમાં નવીનતાઓ સુધી. ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે, 20મી એપ્રિલ 2023ના રોજ ઈડીઆઈઆઈની 40 વર્ષની ઉજવણીમાં તેમના વક્તવ્યમાં, પ્રાચીન નવીનતાઓની શક્તિને સુંદર રીતે સમર્થન આપ્યું જેણે વિશ્વને એકથી વધુ રીતે બદલવામાં સતત યોગદાન આપ્યું છે. વારસા અને પરંપરાને અપનાવવાથી વૃદ્ધિ અને વિકાસ માટે અનુકૂળ વાતાવરણને ઉત્તેજન આપે છે.